જવાહર નવોદયની પ્રવેશ પરીક્ષામાં ફેરફાર : ૬ઠ્ઠીને બદલે ૧૨મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલય, ગાંધીનગરમાં ધો. ૯ માટે વર્ષ ૨૦૧૨ની પ્રવેશ પરીક્ષા તા. ૬ મે ૨૦૧૨ના રોજ રવિવારે ૯.૩૦ કલાકે જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી, તા. દહેગામ, જિ. ગાંધીનગર ખાતે લેવામાં આવનાર હતી પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે આ પરીક્ષા તા. ૧૨ મે ૨૦૧૨ શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી, તા. દહેગામ, જિ. ગાંધીનગર ખાતે લેવામાં આવશે. આ અંગેની વધુ માહિતી ફોન નં. ૦૨૭૧૬-૨૬૭૧૯૧ ઉપરથી મળી શકશે.

એસ.ટી. બસમાં વિના મૂલ્યે મુસાફરી માટે વિકલાંગોની વાર્ષિક આવક મર્યાદામાં વધારાની માંગણી

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકાર વિકલાંગોને એસ.ટી. બસમાં વિના મૂલ્યે મુસાફરી માટે વિકલાંગ ઓળખ કાર્ડ મેળવવા માટે સને ૨૦૦૭ માં અઢી લાખની વાર્ષિક આવક મર્યાદા નક્કી કરેલ હતી. તાજેતરમાં મોંઘવારી વધારાને કારણે પછાત વર્ગના ઉન્નત વર્ગોમાટેની આવક મર્યાદા વધારીને સાડા ચાર લાખ રૂપિયાની કરેલ છે. તે પ્રમાણે ગુજરાત રાજયના વિકલાંગો માટે આવક મર્યાદા સાડા ચાર લાખ રૂપિયા સત્વરે કરવા વિકલાંગોની માંગણી અને લાગણી છે.

લીંબોજ માતાનું શિખર તિથિ નિમિત્તે ૧૦મીએ હવન-ગરબાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

શ્રી લીંબોજ માતાજીનાં શિખર પ્રતિષ્ઠાની તિથિ નિમિત્તે હવન તથા ફૂલોના ગરબાનું આયોજન તા. ૧૦ મી મે ના રોજ શિવશક્તિ સોસાયટીમાં લીંબોજ ભવાની ચોકમાં યોજેલ છે. રાત્રે ભીખુદાન ગઢવી, સરલા દવેનો ગરબા કાર્યક્રમ યોજેલ છે.

ગાંધીનગરમાં સદ્‌ગુરુ શ્રી ભોજલરામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩

ઉત્તમ કવિ, ઉપદેશક અને સમાજ સુધારક એવા સદ્‌ગુરુ શ્રી ભોજલરામ બાપની ૨૨૭મી જન્મ જયંતી ઉજવણીનું ગાંધીનગર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ભોજલરામ બાપાની જન્મજયંતી નિમિત્તે તા. ૬ મે ૨૦૧૨ને રવિવારના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું છે જેને સવારે ૯.૦૦ કલાકે દિલીપભાઈ સંઘાણી, મંત્રી કૃષિ તેમજ ગગજીભાઈ સુતરીયા, સંયોજક, વિશ્વ પાટીદાર સેન્ટર, અમદાવાદ પ્રસ્થાન કરાવશે. આ શોભાયાત્રા ગાંધીનગરના વિવિધ રાજમાર્ગો જેમ કે, સ્વામિનારાયણ મંદિર, ગાયત્રી મંદિર, પંચદેવ મંદિર, જલારામ મંદિર, સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, ઉમિયા માતા મંદિર, બલરામ ભવન પરિભ્રમણ કરીને સંત શ્રી ભોજલરામ મંદિરે પરત ફરશે.

ધાર્મિક પ્રસંગમાં ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગરના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ અને મિત્ર મંડળના પ્રમુખ કનુભાઈ માલાણી દ્વારા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભોજલરામ બાપાએ તેમના જ્ઞાન, કર્મ અને ધર્મ દ્વારા લોકસેવાની જયોતને જગાવી લોકોના મનમાંથી શંકા, વહેમો તથા દંભી તત્વોને દુર કરવા તેમના પ્રખ્યાત ચાબખા દ્વારા સમાજ સુધારણાની જેહાદ જગાવી સમાજની અદ કેરી સેવા કરી છે. આવા સદગુરુની જન્મજયંતિ ઉજવણી માટે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવ સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ તેમજ સમાજના અગ્રણીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગે ગાયત્રી યજ્ઞ, રકતદાન શિબિર તેમજ મેડિકલ કેમ્પનું પણ આયોજન સમાજભવન ખાતે કરવામાં આવ્યું છે. ગાંધીનગરના નગરજનોને લાભ લેવા જણાવાયું છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની ૬ઠ્ઠીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારો, કારોબારી સભ્યો, વિવિધ સેકટર્સના પ્રમુખ, મંત્રીઓ તેમજ શહેરની સામાજિક, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિષ્ઠિત અને અગ્રણી આગેવાનોની એક અગત્યની બેઠક તા. ૬ ઠ્ઠી મે ૨૦૧૨ ને રવિવારે સાંજે ૪.૩૦ કલાકે ટાઉનહોલ પાસેના લોનમાં, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

બેઠકમાં ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વસુલાત કરવામાં આવનાર ટેક્ષ, મિલકત વેરા બાબતે તેમજ પાણી, સાફ સફાઈ બાબતે રજૂઆત કરવામાં આવશે. રંગમંચ, લગ્નવાડી, પ્રાથમિક શાળાઓ-દવાખાના વગેરે ચાલુ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને પડતી હાલાકી તેમજ રોગી કલ્યાણ સમિતિ દ્વારા ચલાવવામાં આવતી યુઝર્સ ચાર્જની ઉઘાડી લુંટ બાબતે તેમજ છ ગ્રામ્ય વિસ્તાર કે જેઓને ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કર્યા હોવા છતાંય સ્થાનિક પ્રશ્નોનો અવાજ રજૂ કરવા બાબત તેમજ એસ.ટી.ના પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે. પ્રમુખ તરફથી જે રજુઆત થાય તે પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવાની હોઈ હોદ્દેદારો, કારોબારી સભ્યો, આમંત્રિત મહાનુભાવો દરેક સેકટરોના પ્રમુખ/મંત્રીઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનોએ ઉપસ્થિત રહેવા વસાહત મહાસંઘ તરફથી ખાસ જણાવવામાં આવ્યું છે.

આજે સમર્પણ મહાધ્યાન પૂર્વે ગાંધીનગરમાં શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૩

સમર્પણ મહાધ્યાન ગાંધીનગર દ્વારા તા. ૪મી મેના સવારે શોભાયાત્રા શહેરમાં સાત વાગ્યાથી રામકથા મેદાનથી પ્રારંભ થનાર છે. અંદાજે શોભાયાત્રા ૪૦ કિલોમીટર ફરનાર છે. શોભાયાત્રામાં ૪૫૦ જેટલા વિવિધ પ્રકારના વાહનો જોડાનાર છે. ડી.જે. સાઉન્ડ સાથે સ્વયંસેલકે પણ જોડાનાર છે.

ચ-૩થી સેકટર-૮, સેકટર ૭-૮ ચ-રોડ, સેકટર ૬-૭ ઘ- રોડ, સેકટર ૫-૬ ગ-રોડ, સેકટર-૪-૫, સેકટર ૩-૪ ગ-રોડ, ખ-રોડ, સેકટર ૧૬-૨૩, સેકટર ૨૧-૨૨, સેકટર ૧૬-૧૭ સુધી શોભાયાત્રા ફરશે.

સેકટર આચાર્ય શ્રી ડી.એન. રાખોલિયાએ એક અખબારી યાદી દ્વારા જણાવેલ છે.

સેકટર-૭ડીનાં બગીચામાં આનંદ લાફીંગ કલબ દ્વારા બાંકડા ગોઠવાયા

ગાંધીનગર, તા. ૩

આનંદ લાફીંગ કલબ સેકટર-૭ડી દ્વારા સેકટર-૭નાં બગીચામાં વડિલો દ્વારા સ્વખર્ચે ૨૪ બાંકડાઓ ગોઠવવામાં આવ્યાં છે. આ તામ બાંકડાઓ ગોઠવવામાં આવ્યા છે. આ તમામ બાંકડાઓ દાતાઓ દ્વારા મળેલ છે. જેથી સેકટર-૭ડી ના બગીચામાં સુંદર કુદરતી વાતાવરણમાં આ બાંકડાઓ બાળકો, વયસ્કો માટે આશીર્વાદ રૂપ થયા છે.

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારીઓના પ્રશ્નો હજુ પણ વણઉકલ્યા..!!!

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારને પોતાના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી છે. છતાં કેટલાક પ્રશ્નો આજ પણ વણ ઉકલ્યા રહ્યા છે.

પેન્શનર્સ મંડળે ખાસ તો માધ્યમિક, પ્રાથમિક શિક્ષકોને ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર કરવા, અપરિણીત પુત્રીને કેન્દ્રની જેમ આજીવન પેન્શન આપવા બે હપ્તા રોકડમાં ચૂકવવા, અન્ય રાજ્યોની જેમ પેન્શનર્સને એસ.ટી.માં ૫૦ ટકા રાહત આપવા રજૂઆત કરી છે. રાજ્ય સરકાર પેન્શનર્સ પ્રત્યે સદ્‌ભાવના દાખવે અને તેમના વણ ઉકલ્યા પ્રશ્નોને યોગ્ય ન્યા આપે તેવું પેન્શનર્સ સમાજ ઈચ્છી રહ્યું. ખાસ તો પેન્શનર્સ ભવન બનાવવા માટે મંડળે વારંવાર રજૂઆતો કરી છે. જિલ્લા કે તાલુકા કક્ષાએ ટોકન ભાડાથી જમીન આપવા માંગણી કરી છે.

સાંસદ સભ્યોની ગ્રાન્ટમાંથી પેન્શનર ભવન માટે રકમ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ રજૂઆત કરી છે. પેન્શનર્સ સમાજે હૃદયરોગના પેકેજમાં વધારો કરવા, લકવા-ઘૂંટણ માટે પેકેજ જાહેર કરવા, રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલો હૃદયરોગ, ઘૂંટણ-લકવા માટેની સારવાર આપે તે માટે માન્ય કરવા માંગણી કરી છે. રાજ્યના મુખ્યમંત્રીએ દરેક વર્ગના વિકાસ માટે વિવિધ સુધારાત્મક પગલા લીધા છે તો પછી પેન્શનર્સ સમાજને જ વંચિત કેમ રાખ્યો ! તેવું સૌ ચર્ચી રહ્યા છે.

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર દ્વારા પરંપરાગત માધ્યમના કલાકારોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૩

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના ઉપક્રમ આજરોજ પરંપરાગત માધ્યમના કલાકારોના વર્કશોપનું આયોજન મહાનગર પાલિકાના કોન્ફરન્સ હોલમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆત કલાકાર -વિણભાઈ બારોટ દ્વારા ગણેશ સ્તુતિ રજૂ કરીને કરવામાં આવી હતી. તૃષાર દવે દ્વારા હિન્દુ શાસ્ત્રના એક શ્રલોકનું ઉચ્ચારણ કરીને સમગ્ર વાતાવરણમાં પવિત્રતા લાવી દીધી હતી. શ્રલોકના અર્થની સાચી સમજ આપી હતી. ત્યાર બાદ ગાયક કલાકાર કોકિલાબેન બારોટ દ્વારા સુંદર મજાનો ગરબો ગાયને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ડાયરા અને ભજન કલાકાર શ્રી કિશોરભાઈ નાકરે સમાજમાં રહેલા કુરિવાજોની વાત લોક ડાયરાના રૂપમાં રજૂ કરી હતી. પૂજા જૈને સ્ત્રીભૃણ હત્યા અને રાજય સરકારના અનેક આરોગ્ય કાર્યક્રમને આવરી લેતું ગીત રજૂ કર્યું હતું.

આ -સંગે ઉપસ્થિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરીના શ્રી શશીકાન્તભાઈ પટેલે રાજય સરકાર દ્વારા આયોજિત કૃષિ મહોત્સવ પાછળના ઉમદા અભિગમની સમજ આપી હતી.

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીમાંથી ઉપસ્થિત શ્રી હસમુખ પરમાર દ્વારા પણ બાગાયતી પાકોની સમજ આપી હતી. તેની સાથે સાથે બાગાયતના પાકોનું વાવેતર કરતાં લોકોને કઈ કઈ સહાય મળે છે, તેમજ ગ્રીન હાઉસ, ડ્રીપ ઈરીગેશન જેવી યોજનાઓની ટુકમાં સમજ આપી હતી.

જિલ્લા રોજગાર અધિકારી શ્રી એસ.ઓ.અમીને રોજગાર કચેરીની કાર્ય-ણાલી અંગેની માહિતી આપી હતી. તેમણે હાલ લશ્કરી ક્ષેત્રે કેવી ઉજળી તકો છે. તેની વાત કરીને કલાકારોને તેમના કાર્યક્રમમાં વ્યસન મુક્તિની વાત કરવા ખાસ ભાર પૂર્વક કહ્યું હતું.

શહેર શાસનાધિકારી શ્રી એમ.એ. રાઠોડ જણાવ્યું હતું કે, લોક કલા, સાહિત્ય અને વાદ્ય લોકોના હદયને સ્પર્શે છે. જયાં આટલી મોટી સંખ્યામાં કલાકારો ઉપસ્થિત હોય ત્યારે મંદિર જવા કરતા અહી આવવું વદ્યારે યોગ્ય છે. તેમ કહી ગુજરાતના કલા-સાંસ્કૃતિક વારસાની ઉમદા વાત કરી હતી.

આ કાર્યક્રમની રૂપરેખા નાયબ માહિતી નિયામક શ્રી -જાબેન પટેલે આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા માહિતી કચેરીના સબ એડીટર શ્રી પરિમલ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા માહિતી કચેરીના સહાયક અધિક્ષક શ્રી કિર્તીભાઈ પરમાર, શ્રી કમલભાઈ રાઠોડ, શ્રી આર.વી. ત્રિવેદી, શ્રી દેવાંગ કાપડિયા, શ્રીકિરીટસિંહ વાઘેલા, શ્રી રમેશભાઈ પરમાર, એસ.એ. પઠાણ, સહિત માનદૂ સેવા આપનાર શ્રીમતી -ભાબેને ભારે જહેમત ઉઠાવી હતી.

સમર્પણ આધ્યાત્મિક પ્રદર્શન જાહેરજનતા માટે ખુલ્લુ મુકાયું

ગાંધીનગર, તા. ૩

આગામી તા. ૬ મે-૨૦૧૨ નાં રોજ ગાંધીનગરનાં આંગણે યોજાનાર 'સમર્પણ મહાધ્યાન શિબિર'ના સંદર્ભમાં જનસમુદાયને આ અંગે વિસ્તૃત જાણકારી પ્રદાન કરવાના આશયથી સમર્પણ ધ્યાન આધ્યાત્મિક પ્રદર્શનને આજે તા. ૩ મે-૨૦૧૨ના રોજ સવારે ૭.૦૦ વાગ્યે જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. ગાંધીનગર સમર્પણ પરિવારના મહિલા આચાર્યા અનુજાબેન નાકેરના હસ્તે સમર્પણ આધ્યાત્મિક પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું. આ પ્રદર્શનમાં ધ્યાનના વિવિધ ફાયદાઓના વૈજ્ઞાનિક પુરાવાઓ, ધ્યાન દ્વારા શરીરમાં આવેલા વિવિધ ચક્રોની સ્થિતિમાં થતો બદલાવ તથા આકાશ અને ભૂમિ તત્વની પ્રત્યક્ષ અનુભૂતિ જેવી બાબતો સમાવિષ્ટ છે. નગરજનોને સવારે ૭ થી ૧ અને બપોરે ૪ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધીમાં આ આધ્યાત્મિક પ્રદર્શનનો લાભ લેવા આત્મિય નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એક ઉદ્દેશ્યએ મિત્રો બનાવ્યા...

આજે એવા આયુર્વેદ ડૉકટર મિત્રોની વાત કરવી છે જેઓ માત્ર આયુર્વેદના પ્રચાર- પ્રસાર માટે જ જાણે ભેગા થયા છે. દેવાંગભાઈ, ભાવેશભાઈ અને ધર્મેન્દ્રભાઈ ત્રણેય જણ સાયન્સમાં હતા ત્યારથી જ નક્કી કર્યું હતું કે, આયુર્વેદ ડૉકટર બનવું.

સૌથી પહેલાં દેવાંગભાઈ અને ભાવેશભાઈની વાત. બંન્ને અનુક્રમે ઈસનપુર અને ચિલોડા નામથી ગાંધીનગરમાં વિજ્ઞાન પ્રવાહની શાળામાં અપ-ડાઉન સાથે કરે. અને યોગાનુયોગ બંન્નેના ટ્યુશન પણ એક જ જગ્યાએ ગોઠવાયા. તે સમયથી ઈ.સ. ૧૯૯૫થી મિત્રતાનો જે દોર શરૂ થયો તે આજે ૧૫-૧૭ વર્ષ પછી જ્યારે બંને મિત્રો તેમના ધ્યેય મુજબ આયુર્વેદ ડૉકટર બનીને લોકોની સેવા કરી રહ્યા છે. ત્યારે પણ હજી એ જ વર્ષો પહેલાંની તાજગીપૂર્વકની મિત્રતા નિભાવે છે.

ધર્મેશભાઈ મૂળ ઉમેદપુરા(ઈડર)ના વતની, આ ત્રણેય જણ પહેલીવાર જૂનાગઢના માઉન્ટેનરી શિબિરમાં મળ્યા. અને એકબીજાના રસ-રુચિના વિષય સમાન હોવાથી સરળ સ્વભાવના ત્રણેય મિત્રો બની ગયા. રાષ્ટ્રભાવના આયુર્વેદને સંપૂર્ણ સમર્પિત એના આ તરવરીયા યુવાનોની એક જ મનષા અને તે એ કે આયુર્વેદને આગળ ધપાવવો.

જૂનાગઢ માઉન્ટેનીંગ દરમ્યાન રમતગમતમાં દેવાંગભાઈ અને ભાવેશભાઈ વચ્ચે દોડવાની શરત લાગી અને ભાવેશભાઈ જીતી ગયા. આયુર્વેદ કોલેજમાં યુથ ફેસ્ટિવલ વખતે આવી સ્પર્ધાઓ જામનગર આયુર્વેદ યુનિવર્સિટીમાં થતી. (જે ભારતની એક માત્ર આયુર્વેદ યુનિવર્સિટી છે.) કોઈ પણ આયુર્વેદ છાત્રનું સપનું હોય છે કે આ યુનિવર્સિટીને જોવી. કોલેજ સમયમાં સ્પર્ધામાં ભાગ લીધો હોય તો જવા આવવાનો ખર્ચ મળે. આ આશયથી જ ભાવેશભાઈએ જામનગર યુનિવર્સિટી જોવા માટે જ સ્પર્ધામાં નામ નોંધાવ્યું અને ૧૦૦, ૨૦૦, ૪૦૦ મિટરમાં અને મેરેથોનમાં રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો અને ગોલ્ડ મેડલ મેળવ્યું.

સંબંધ સજાવે જિંદગી
ભાઈ જેવો ભાઈબંધ
- જય ઓઝા
gsrelation@yahoo.com

આયુર્વેદ ફોર હેલ્થ પાક્ષિક શરૂ કર્યું અને આજ સુધી તેની સંભાળ દેવાંગભાઈ અને ધર્મેન્દ્રભાઈ લે છે.

કોલેજમાં ભણતા ભણતા જ વૈદ્ય શોભતવત્સલ વસાણી માર્ગદર્શન હેઠળ આયુર્વેદ સામેના પડકાર અને નવી નવી ચિકિત્સા પધ્ધતિઓને શીખવા લાગ્યા.

આજે ત્રણેય મિત્રો સારી જગ્યાએ સરકારી ફરજમાં ગોઠવાઈ ગયા છે. દેવાંગભાઈ કંકરીયા મિલકામદાર યોજનાના દવાખાનામાં, ધર્મેન્દ્રભાઈ આપણા સેકટર-૨૨ના આયુર્વેદ દવાખાનામાં તો ભાવેશભાઈ સિવિલ હોસ્પિટલના આયુર્વેદ વિભાગમાં ખંતપૂર્વક કામગીરી નિભાવે છે.

દર મહિને આયુર્વેદ કિલીનીકલ મિટીંગ ગોઠવે છે અને જુદા- જુદા વિષયો પર ચર્ચા કરીને નવું નવું શીખવાની વૃત્તિ જાગૃત રાખે છે.

ચરક શિબિર, નાડી શિબિર, વનૌષધિ શિબિર જેવા નવતર પ્રયોગો દ્વારા સતત નવા નવાં આયુર્વેદ આયામો પાર પાડે છે. આપણે ત્યાં સરકારી હાઉસની પાછળ આયુર્વેદ ઉદ્યાન છે ત્યાં લીંપણ કરેલી જમીન પર પાંચ- છ દિવસ સુધી નાડી શિબિર વન ઔષધિઓ વચ્ચે પ્રકૃતિના ખોળે મિત્રોએ યોજ્યો હતો.

અંતરિયાળ વિસ્તારમાંથી ગામડામાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને ડૉકટર બનીને આજે સમાજમાં જે સેવાની ભેખ ધારણ કરીને આ મિત્રો નિઃસ્વાર્થ પણે કામ કરે છે.. ઘણીવાર તો રસ શિબિર કે બીજા કોઈ શિબિરોમાં ગામડાઓમાં ફરવા જવાનું થાય, તો કોઈ જ અપેક્ષા વગર માત્ર આયુર્વેદના કલ્યાણ અર્થે કાર્ય કરવાની ભાવના ધરાવે છે. દેવાંગભાઈ, ધર્મેન્દ્રભાઈ અને ભાવેશભાઈ 'દેશી ગાય'ની ગૌશાળા કરવાના પણ હિમાયતી છે. જીવલેણ રોગ કેન્સર સામે ગાયમાંથી બનતી બધી જ વસ્તુ ખૂબ જ ઉપયોગી છે. ગૌશાળા અને આર્યગ્રામ બનાવીને કેમિકલમુક્ત અને પ્રદૂષણ મુક્ત વાતાવરણને દૂર કરીને સ્વસ્થ સમાજ નિર્માણની કલ્પના સાથે આ યુવાન મિત્રો 'સાજાને સાજો રાખવો' એ સિધ્ધાંત અનુસરીને આગળ ધપે છે.

ઈશ્વરીય કાર્ય એવા આ આયુર્વેદ પ્રસાર- પ્રચારના કાર્યમાં આ ત્રણેય મિત્રો એવા ઓત-પ્રોત બની ગયા છે કે, ઘણીવાર પરિવાર માંથી વઢ પણ સાંભળવી પડે છે.

આયુર્વેદના પ્રચાર- પ્રસાર સાથે તેમની મિત્રતા પણ ઉત્તરોતર આગળ વધતી રહે તેવી ઈશ્વરને પ્રાર્થના...

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૩
સૂર્યાસ્ત : ૦૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૪ ટકા

મનોરંજન

હિંદી પલ્સ

સ્ક્રીન-૧ : જન્નત -૨ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ : જન્નત : ૧૦.૦૦
તેઝ : ૧૨.૩૦, ૧૦.૧૫
૫ એવેન્જર (હિન્દી) : ૨.૪૫, ૭.૪૫
૫ એવેન્જર (અંગ્રેજી) : ૫.૧૫

સ્ક્રીન-૩ : હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૪.૦૦
જન્નત -૨ : ૧.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૪ : ફેટસો : ૧૦.૦૦
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦, ૫.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦
તેઝ : ૧૦.૧૫

સિને મેકસ

સ્ક્રીન-૧ : ૫ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ : તેઝ : ૯.૩૦, ૨.૩૦, ૧૦.૩૦
વીકી ડોનર : ૧૨.૦૦, ૮.૦૦
હાઉસ ફુલ -૨ : ૫.૦૦

સ્ક્રીન-૩ : જન્નત- ૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

સ્ક્રીન-૪ : જન્નત- ૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

સૂર્યા, વાવોલ

જન્નત - ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મોટા ઘરે મારું સાસરીયું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ધાર્મિક

- સેકટર-૨૨માં આવેલ પંચમુખી મહાદેવ મંદિર ખાતે પ્રાણપ્રતિષ્ઠા અને પાટોત્સવનું આયોજન સવારે ૯.૦૦ કલાકે

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. ભાગીદાર, જીવનસાથીની સાથે મતભેદ અને યાત્રામાં વિઘ્ન આવી શકે છે.

વૃષભ : નકારાત્મક વિચારોથી દૂર રહેવું હિતાવહ રહેશે. લંબિત કાર્યમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન, સંશોધન ગૂઢ કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબિજનો સાથે સમય ફાળવી શકો છો.

મિથુન : વાહન ધ્યાનથી ચલાવવું. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરે મળી શકે છે. નવા રોકાણોમાં સંભાળવું . કર્મક્ષેત્રમાં સામાન્ય વિઘ્ન આવી શકે છે.

કર્ક : ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. સામાજિક કાર્યોમાં પ્રવાસ વગેરેના કાર્યોમાં સાવચેતી રાખવી. રોગ, ઋણ, વિવાદ વગેરેથી બચવું.

સિંહ : ઋતુ અનુસાર ખાનપાન કરવું. કુટુંબીજનોના આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વ્યાપારમાં ભાગીદારીથી લાભ થઈ શકે છે. ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે.

કન્યા : જીવનસાથી સાથે તનાવ ન તેનું ધ્યાન રાખવું. વિવાદોમાં વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. શત્રુ પર વિજય મળી શકે છે. કર્મક્ષેત્રમાં શોધનાં કાર્ય થવાનો યોગ.

તુલા : જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. નવા વિચાર અથવા યોજનાઓ પર ચર્ચા વિચારણા થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થઈ શકે છે.

વૃશ્ચિક : નવા વ્યાપારિક કરાર દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્યમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ધન પ્રાપ્તિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં ભાગદોડ થઈ શકે છે.

ધન : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વાંકાક્ષા પૂર્ણ થઈ શકે છે. નવા આયોજનોમાં મૂડી રોકાણથી લાભ થવાની સંભાવના છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો જણાશે. સમય શુભ.

મકર : વહીવટી ક્ષેત્રમાં કાર્ય કરતા અથવા વહીવટકર્તાઓ માટે આર્થિક વૃદ્ધિમાં વધારો થઈ શકે છે. આધ્યાત્મના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. ધાર્મિક કાર્ય તથા સાહિત્યના વાંચન તરફ તમે પ્રેરાશો.

કુંભ : આધ્યાત્મિક ચેતનાની પ્રાપ્તિ થઈ શકે છે. સંતાન તરફથી શુભ સમાચાર તમને પ્રાપ્ત થઈ શકે છે. તમારા કાર્યોમાં સફળતા નિશ્ચિત બનતી જણાશે. કૌટુંબિક જીવનમાં તમને દરેકનો સાથ સહકાર મળી રહેશે.

મીન : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત થઈ શકે છે. ધન-સંપતિના કાર્યોમાં સફળતા મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. સમય શુભ.

ચિરવિદાય

- સ્વ. શારદાબેન અંબાલાલ પટેલ (ઉ.વ. ૯૮) મુ. પો. પ્રાંતિયા તા., જિ. ગાંધીનગર
- સ્વ. રૂક્ષ્મણીબેન મુરલીધર પરીખ (ઉ.વ. ૫૭) ૭૧૪/૨, સેકટર- ૭/બી, ગાંધીનગર